ગરમી દિવસે દિવસે વધતી જ જાય છે. તડકો એટલો બધો આકરો પડે છે કે ન પૂછો વાત. દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળો તો આકરી લુ નો સામનો કરવો પડે છે. પક્ષીઓ દિવસ દરમ્યાન છાંયડો શોધીને આરામ કરે છે. ખાસ કરીને જ્યાં પાણીની ઉપલબ્ધતા હોય ત્યાં પક્ષીઓ વધુ જોવા મળે છે. અવારનવાર તેઓ પાણી પીને ગરમીથી રક્ષણ મેળવી લે છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ તેના પાંચમા સ્થાપના દિવસ પર "સ્વર્ણોત્સવ"ની ઉજવણી કરી

ગાંધીનગર તા ૪

સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપનારી ભારતની પ્રથમ યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ, તેના પમા સ્થાપના દિવસ નિમિત્તે "સ્વર્ણોત્સવ" ની ઉજવણી કરી. યુનિવર્સિટી,વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓની સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ સમાજમાં પોતાનું યોગદાન આપતી અસાધારણ મહિલા પ્રતિભાઓને તેમના યોગદાન બદલ 'વુમન એક્સેલન્સ એવોર્ડ ૨૦૨૨લ્લ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્વર્ણિમ મહિલા સેલ દ્વારા સ્થાનિક કારીગરોને ટેકો આપવા, ગ્રામીણ મહિલાઓને સશક્ત બનાવવા અને સ્વર્ણિમ ડિઝાઈનના વિદ્યાર્થીઓને વ્યવહારુ એક્સપોઝર આપવા માટે 'સ્વર્ણકારી' પહેલ શરૂ કરવામાં આવી અને સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોથી ભરપુર મનોરંજનની રંગીન સાંજ હતી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ધમાકેદાર ડાન્સ પર્ફોર્મન્સ, રેમ્પ વૉક, ગાયન, ફેશન શો, મ્યુઝિકલ ડ્રામા અને સ્કીટ્સ ભજવવામાં આવી હતી. શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમતગમતની પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે વિદ્યાર્થીઓને મેડલ અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈને પમાં સ્થાપના દિવસ પર તેમના વિચારો શેર કરતાં જણાવ્યું હતું કે, "આ વર્ષે અમે યુવાઓને પ્રગતિશીલ જ્ઞાન પ્રદાન કરવાની સાથે સશક્ત કરવાના પાંચમા ગૌરવશાળી વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. સ્વર્ણિમ વિદ્યાર્થીઓને આવતીકાલના ઉદ્યોગસાહસિક, રોજગારીયોગ્ય અને ઉજ્જ્વળ કારકિર્દી માટે સક્ષમ બનાવે છે.

લોકરક્ષક ભરતીની પરીક્ષાના કોલ લેટર ડાઉનલોડ થઈ શકશે

લોકરક્ષકની પરીક્ષામાં ગેરરીતિના બે બનાવોને ધ્યાનમાં લઇને પણ કોલલેટર મોડા બહાર પાડવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૪

લોકરક્ષક દળની પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે કોલ લેટર ડાઉનલોડ કરવાનો સમય આવી ગયો છે. આજે સોમવારે બપોરે ૧.૩૦ વાગ્યાથી ઓજસ વેબસાઈટ પર એલઆરડીની પરીક્ષાના કોલ લેટર ઈશ્યૂ કરવામાં આવ્યા છે. ઉમેદવારો **https://ojas.gujarat.gov.in** આ લિંક કોલ લેટર ડાઉનલોડ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, એલઆરડીના કોલ લેટર અગાઉ ૩ એપ્રિલથી ઓનલાઈન થવાના હતા. જોકે, આ તારીખે રવિવાર હોવાથી વધુ એક દિવસ તારીખ લંબાવવામાં આવી હતી.

આ અંગે લોકરક્ષક દળની ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે પણ ટ્વિટ કરીને માહિતી આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, લોકરક્ષક ભરતીની તારીખ ૧૦ એપ્રિલના રોજ યોજાનાર લેખિત પરીક્ષાના કોલ લેટર https://ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. અગાઉ આ પરીક્ષાના કોલ લેટર જાહેર થવાની તારીખ ૩ એપ્રિલ કરવામાં આવી હતી પરંતુ સોમવારથી જાહેર કરવામાં આવ્યા છે. પહેલી એપ્રિલે હસમુખ પટેલે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, તારીખ ૩ના રવિવાર હોય ઉમેદવારોને કોઈ ટેક્નિકલ કારણોસર કોલ લેટર ડાઉનલોડ કરવામાં મુશ્કેલી ન પડે તે માટે હવે કોલ લેટર તારીખ ૪ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવ્યા છે. વન રક્ષકની પરીક્ષામાં ગેરરીતિના બે બનાવોને ધ્યાનમાં લઈને પણ કોલલેટર મોડા બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, લોક રક્ષકની ભરતીમાં શારીરિક કસોટીમાં ૬.૫૬ લાખ પરીક્ષાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી આ પરીક્ષામાં ૨.૯૪ લાખ ઉમેદવારો પાસ થયા છે, જેમની માટે ૧૦ એપ્રિલના રોજ લેખિત પરીક્ષા યોજવામાં આવી છે.

શાહપુર સર્કલથી ગિફ્ટ સીટી તરફ જતા ૬૦ મીટરના માર્ગને ખુલ્લો કરાયો

લવારપુરથી રક્ષાશક્તિ સર્કલ તરફ જતા જંકશન પર સર્જાતા અકસ્માતો નિવારી શકાશે : ગિફ્ટ સીટી તરફના માર્ગોને ઝડપથી ખુલ્લા કરવા માટે પણ ગુડાનુ તંત્ર હરકતમાં

ગાંધીનગર તા ૪

ગાંધીનગર નજીક આકાર લઈ રહેલા ગિફ્ટ સીટીને અનુલક્ષીને આસપાસના વિસ્તારમાં માર્ગો ખુલ્લા કરવાની કામગીરી ઝડપી હાથ ધરવામાં આવી રહી છે. આજે પણ ગુડા દ્વારા શાહપુરના બાપા સીતારામ સર્કલથી ગિફ્ટ સીટી તરફ જતા ૬૦ મીટરના પહોળા રસ્તાને ખુલ્લો કર્યો હતો જેના લીધે આ વિસ્તારમાં હવે માર્ગ સલામતી જોખમાશે નહી તેમજ અકસ્માતો પણ નિવારી શકાશે.

ગાંધીનગર નજીક ગીફ્ટ સીટી આકર લઈ રહી છે. ગીફ્ટ સીટીના વિસ્તારમાં તમામ માર્ગોને પહોળા કરવાનુ આયોજન કરાયુ છે. જે અન્વયે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જેમાં ખેડુતો સાથે સમજાવટ કરી શાહપુરના બાપા સીતારામ સર્કલથી ગીફ્ટ સીટી તરફ જતા ૬૦ મીટર પહોળા રસ્તાનો પ્રવેશ માર્ગ આજે ખુલ્લો કરાયો હતો. જયારે આ ઠેકાણે રસ્તો બંધાઈ જશે જેથી તેની સાથે જ લવારપુર થી રક્ષાશકિત જતા જંકશન પર થતા અકસ્માતો નિવારી શકાશે. ન્યુ ગાંધીનગરમાં આ વિસ્તારમાં ખેતીની જમીનના ભાવો પણ આસમાને પહોંચ્યા છે. ત્યારે રસ્તા ખોલવાની પ્રક્રીયા પણ જટીલ બની છે. આવા સંજોગોમાં ખેડુતોને સમજાવવા માટે સરપંચ સહીત સ્થાનિક આગેવાનોને વિશ્વાસમાં લેવામાં આવ્યા હબાદ

આ વિસ્તારમાં જમીન ધરાવતા ખેડુતોને રસ્તાની ઉપયોગીતા અને તેમને થતા ફાયદા અંગે પણ સમજણ આપવામાં આવી હતી. ગુડાના ચેરમેન પણ ડો ધવલ પટેલે પણ ખેડુતોને સમજાવવા માટે યોજાયેલી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આખરે ખેડુતો રસ્તો ખોલવા માટે સહમત થયા હતા રસ્તા ખોલવાની પ્રક્રીયાના લીધે ખેડુતોએ થોડી જમીન પણ જતી કરવી પડતી હોવાથી નુકશાની વેઠવી પડે છે. ગીફ્ટ સીટના ઉચ્ચ અધિકારીઓએ પણ આ વિસ્તારમાં માર્ગોના અમલીકરણ માટે ગુડા તંત્ર તેમજ સરકારને પણ રજુઆતો કરવામાં આવે છે. ત્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાની આ યોજના સરકાર માટે અત્યંત મહત્વની છે ત્યારે ગુડાના અધિકારીઓને પણ આ મામલે ઝડપથી કામગીરી કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યુ છે.

૬૦ મીટર પહોળાઈના ગીફ્ટ સીટીને સાંકળતા ખુબ જ મહત્વના માર્ગની પથરેખા ખેડુતોના સહકારથી ખુલ્લી કરી દેવામાં આવી છે. જયારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા બાપા સીતારામ સર્કલને પણ ડેવલપ કરી શકાશે જયારે માર્ગ નિર્માણનુ કામ પણ હાથ ધરવાથી વારંવાર થતા માર્ગ અકસ્માતોમાંથી પણ છુટકારો મળશે માર્ગ સલામતી મજબુત બનશે.

એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓની "ફ્રેશર-૨૦૨૨" પાર્ટી

ગાંધીનગરના સેક્ટર-૨૩ ખાતેના કડી સર્વ વિશ્વવિદ્યાલય કેમ્પસની એસ. કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ એમબીએ દ્વારા તા.૩જી એપ્રિલના રોજ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવા "ફ્રેશર-૨૦૨૨" પાર્ટીનું અમદાવાદમાં હિમાલયા મોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ સાથે સંસ્થાના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટના ડીન ડો. ભાવિન પંડ્યા સહિત તમામ ફેકલ્ટીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

હરામીનાળામાંથી બીએસએફે પાકિસ્તાની ફિશિંગ બોટ પકડી

બીએસએ પેટ્રોલ પાર્ટીની પેટ્રોલિંગ દરમિયાન કાર્યવાહી : પેટ્રોલિંગમાં જવાનોને શંકા જતાં તેઓએ કાદવમાં ચાલીને નાળું પાર કર્યું પણ માછીમારો નાસી ગયા, બોટ જપ્ત

ભુજ, તા.૪

ગત ૩ એપ્રિલ ૨૦૨૨ના રોજ રવિવારે મોડી સાંજે ૦૮:૩૦ કલાકે બીએસએફભુજની પેટ્રોલ પાર્ટી બોર્ડર પિલ્લર નં- ૧૧૬૪ નજીક હરામી નાળા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે સમયે ૨ પાકિસ્તાની ફિશિંગ બોટ્સની ગતિવિધિ સામે આવી હતી. બોર્ડર પિલ્લર નં- ૧૧૬૦ પાસે ૨ પાકિસ્તાની ફિશિંગ બોટ અને ૪-૫ પાકિસ્તાની માછીમારોની હાજરીને ધ્યાનમાં લઈને બીએસએફની પેટ્રોલ પાર્ટી તાત્કાલિક પગે ચાલીને કાદવ અને નાળું પાર કરીને તે દિશામાં ધસી ગઈ હતી.

જોકે બીએસએફના પેટ્રોલિંગ યુનિટને પોતાના તરફ આવતા જોઈને પાકિસ્તાની માછીમારો સતર્ક બની ગયા હતા અને કાદવવાળી જમીનનો લાભ લઈને તાત્કાલિક પાકિસ્તાનની સરહદમાં પહોંચી ગયા હતા. જોકે બીએસએફના પેટ્રોલિંગ યુનિટે તેમનો પીછો કર્યો હતો અને બોર્ડર પિલ્લર નં- ૧૧૬૦ પાસે ભારતીય સીમાની આશરે ૧૦૦ મીટર અંદરથી ૧ પાકિસ્તાની ફિશિંગ બોટ કબજામાં લીધી હતી.

જપ્ત કરવામાં આવેલી બોટની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી જેમાં માછલીઓ મળી આવી હતી અને તે સિવાય કોઈ પણ શંકાસ્પદ વસ્તુ હાથ નહોતી લાગી. તે સિવાય બોટમાંથી માછલી પકડવાની જાળી અને માછીમારી માટેના અન્ય સાધનો પણ મળી આવ્યા હતા.

હાલ તે સમગ્ર વિસ્તારની સઘન તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૮મું અંગદાન

ગાંધીનગરના બ્રેઈનડેડ સંદિપ ઠાકોરના અંગદાનથી ૩ વ્યક્તિઓને નવજીવન

અમદાવાદ, તા. ૪

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૪૮મું અંગદાન થયું છે. ગાંધીનગરના કલોલ તાલુકાના ગણપતપુરામાં રહેતા ૩૦ વર્ષીય બ્રેઈનડેડ સંદિપભાઈ ઠાકોરનું ૨૭ માર્ચના રોજ માર્ગ અકસ્માત થયું હતુ. માર્ગ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર ઈજા થતા તેઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમા સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. સાત દિવસની સઘન સારવાર બાદ તેઓએ જીવન ટૂંકાવ્યુ. તબીબો દ્વારા સંદિપભાઈને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા.

સંદિપભાઈને બ્રેઈનડેડ જાહેર કરાતા સિવિલ હોસ્પિટલની SOTTO (State Organ Tissue And Transplant Organisation)ની ટીમ દ્વારા પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું. પરિવારજનોને વિચાર-વિમર્શ કર્યા બાદ સિવિલ હોસ્પિટલના તબીબોને સંદિપભાઈના અંગોના

દાન માટે સહમતિ દર્શાવવામાં આવી.

ટીમ દ્વારા અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયા હાથ ધરાતા બે કિડની અને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળી. જેને અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટીટ્યુટમાં ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

સિવિલ હોસ્પિટલના SOTTO (State Organ Tissue And Transplant Organisation)ની ટીમના કો-ઓર્ડિનેટર ડૉ. સંજય સોલંકી રીટ્રાઈવલ સેન્ટર અને રીટ્રાઈવલ પ્રક્રિયા વિશે વિગતવાર જણાવે છે કે, દર્દીને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવે ત્યારથી લઈ શરીરમાં અંગોને જીવંત રાખીને બહાર કાઢવા સુધીની પ્રક્રિયા એટલે રીટ્રાઈવલ. બ્રેઈનડેડ દર્દીના અંગદાનની સંમતિ મળ્યા બાદ હ્યદય, કિડની, લીવર, સ્વાદુપિંડ જેવા અંગોને શરીરમાંથી કાઢવા માટે હોસ્પિટલના આઈ.સી.યુ. સેન્ટરમાં જ ઓર્ગન રીટ્રાઈવલ સેન્ટર ની ટીમ ને કાર્યરત કરવામાં આવે છે.

ડૉક્ટર્સની હડતાળથી સિવિલમાં દર્દીઓની લાઈન લાગી ગઈ

૧૦ હજાર ડોક્ટર, છ સરકારી મેડિકલ કોલેજના ડોક્ટર્સથી લઈ પીએચસીના ડોક્ટર્સ આ પ્રોટેસ્ટમાં જોડાયા

અમદાવાદ, તા.૪

રાજ્યમાં સરકારી હોસ્પિટલનો ડોક્ટર્સ વિવિધ માંગોને લઈને ફરીથી હડતાલ પર ઉતર્યા છે, જેથી દર્દીઓએ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં ૧૦ હજારથી પણ વદુ તબીબો અચોક્કસ મુદ્દતની હડતાલ પર ઉતરના ઓપીડી અને ઈમરજન્સી સેવાઓ પર ભારે અસર થઈ છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તો દર્દીઓની લાઈનો લાગી ગઈ હોવાના અહેવાલ મળ્યા છે. સમયસર સારવાર ન મળતા દર્દીઓ ઉપરાંત તેમના પરિવારજનો પણ હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

ડોક્ટર્સની હડતાલને પગલે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે. એક દર્દીએ જણાવ્યું કે, હાથ-પગમાં ફ્રેક્ચર બાદ ડ્રેસિંગ માટે ડોક્ટરને બતાડવા આવ્યા હતા, પરંતુ ખબર નહોતી કે, ડોક્ટર્સ હડતાલ પર ઉતર્યા છે. બીજી તરફ ડોક્ટરોનું કહેવું છે કે, સરકારે અમારો ભરોસો તોડ્યો છે. એટલે ના છૂટકે અમારે હડતાલ પર ઉતરવું પડ્યું છે. હડતાલમાં પાંચ સગંઠનો જોડાયા છે.

આ મામલે જીએમટીએના પ્રમુખ અને સેક્રેટરીના જણાવ્યા અનુસાર પડતર માંગણીઓ મુદ્દે ૨૦૧૨થી લડત ચાલુ છે. ૧૬ મે ૨૦૨૧ના રોજ એનપીએ માટે ઠરાવ થયો હતો. જો કે, સરકાર બદલાતાં અમારો મુદ્દો ભુલાયો છે. તેમણે જણાવ્યુ કે ત્રણ વાર હડતાળ મોકુફ રાખી અને એક વાર કેન્સલ કરી પણ હજુ કોઈ નિવારણ આવ્યુ નથી. ૩૧ માર્ચ વિતી હોવા છતાં અમારી માગણીના ઠરાવ ન થતા હડતાળનો નિર્ણય લીધો છે.

વેપારીનો ફોન ગુમ થયા બાદ ગઠિયાએ ૪.૨૭ લાખ ઉપાડ્યા

વડોદરા, તા.૪

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં જજીસ બંગલો રોડ પર આવેલા મોહની ટાવરમાં રહેતા નિલેશભાઈ ભુપેન્દ્રભાઈ વિઠલાણી ગત ૨૧ માર્ચના રોજ ઓફિસના કામે બિઝનેસ પાર્ટનર યોગેન્દ્ર રાજ સાથે મધ્યપ્રદેશના જબલપુર ગયા હતા. ૨૪ માર્ચના રોજ તેઓ બંને પરત આવતા હતા ત્યારે ટ્રેનમાં ૨૫ માર્ચની સવારે નિલેશ વિઠલાણી વોશરૂમમાં ગયા હતા અને પરત આવ્યા ત્યારે તેમનો એપલનો ફોન ગુમ હતો. જેથી ફોનને શોધવા માટે નિલેશ વિઠલાણીએ તેમના બિઝનેસ પાર્ટનર યોગેન્દ્ર રાજના ફોન પરથી પોતાના ફોન પર કોલ કર્યો હતો. જો કે ફોન કોઈએ ઉપાડ્યો ન હતો.થોડા સમય બાદ નિલેશ વિઠલાણીના ફોનથી યોગેન્દ્ર રાજના ફોન પર કોલ આવ્યો હતો કે, હું મેઘનગર પોલીસ સ્ટેશનથી સબ ઈન્સપેક્ટર મુકેશ શર્મા આરપીએફમાંથી વાત કરુ છું. તમારો ફોન મેઘનગર પોલીસ રેલવે સ્ટેશનથી એક વ્યક્તિ ચાલુ ટ્રેનમાં ફર્સ્ટ ક્લાસમાંથી નીચે ઉતરતા તેની તપાસ કરતા મને મળ્યો છે.

જવાબદારી સોંપાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોંપવામાં આવી છે. અગાઉ કોર્પોરેશને આ મામલે સાઈટ પસંદગી કરી ત્યાં તમામ ઠેકાણે વિરોધ થયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. અગાઉ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી ત્યારે હવે કેટલાક ગામો તેમજ ટી પી વિસ્તાર પણ કોર્પોરેશનમાં ભેળવી દેવાયા છે. ત્યારે ગુડાએ પણ આ કામગીરી આટોપી લીધી છે. ત્યારે હવે ગુડા માટે કચરાના નિકાલ માટે નવી સાઈટ પસંદ કરવાનુ તેમજ તેની જાળવણીનુ કામ અઘરુ બની રહેશે.

આકરા ઉનાળે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિત રામવસાહતમાં છેલ્લા કેટલાક સમયથી પાણી ન આવતુ હોવાનો રોષ પ્રબળ બન્યો છે. જેના લીધે આજે ધોળાકુવા વસાહતની મહીલાઓએ પાટનગર યોજના ભવનની કચેરીમાં પહોંચી આક્રોશપુર્વક રજુઆત કરી હતી. ધોળાકુવાની રામ વસાહતમાં અંદાજિત ૩૦૦ જેટલા પરિવારોનો વસવાટ છે. જયારે આ વિસ્તારમાં દર વર્ષે ઉનાળામાં પાણીની પોકાર સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. અગાઉના વર્ષોમાં પણ શહેરી ગામોમાં પાણીની ફરિયાદોને અનુલક્ષી મહીલાઓએ તંત્રની કચેરીમાં આવીને માટલા ફોડીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો જયારે હાલ પણ આ ગામોમાં પાણી સંબંધિત ફરિયાદોનો અંત આવ્યો નથી. સ્થાનિકોએ આ મામલે નવી લાઈન નાંખી આપવાની પણ રજુઆત કરી છે. જેથી ગામના આ વિસ્તારમાં પાણી ફોર્સથી આવી શકે તેમ પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે. આકરા ઉનાળે શહેરમાં પણ પાણીનો વપરાશ વધ્યો છે. તેમ ગામોમાં પણ પાણી વધુ વપરાય છે. આવા સંજોગોમાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની જરૂરી લાઈન નાંખવા માટે પણ વાંરવાર રજુઆત કરવામાં આવી રહી છે.

સરળ દાખલા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્કૃત, અંગ્રેજી અને કમ્પ્યુટર વિષયની પરીક્ષા બાકી રહી છે જેના અંતે વિદ્યાર્થીઓ ગુજકેટ અને જેઈઈ ની તૈયારીમાં લાગી જશે. ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પણ આજે જિલ્લામાંથી ૫૮૬૬ પૈકી ૫૮૦૩ વિદ્યાર્થીઓએ વાણિજય વ્યવસ્થા વિષયની કસોટી આપી હતી જેમાં ૬૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત ધો -૧૨ માં સામાન્ય વિજ્ઞાનના પેપરમાં પણ ૧૦૮ વિદ્યાર્થીઓ હાજર અને ૨ ગેરહાજર રહ્યા હતા. જયારે ઉદ્યોગ અને સાહસિકતાની કસોટીમાં પણ ૧૪ હાજર અને એક વિદ્યાર્થી ગેરહાજર રહ્યો હતો.

રાજકીય કટોકટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી હતી કે મહિંદા રાજપક્ષેએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું નથી આપ્યું. ડેલી મિરરના રિપોર્ટ અનુસાર, સૂત્રોએ કહ્યું છે કે, એક નવા મંત્રીમંડળ દ્વારા શપથ લેવામાં આવશે, જેમાં વિપક્ષના સભ્યો હશે. રાજકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે એક નવી વચગાળાની સરકારની પસંદગી કરવામાં આવી શકે છે. ૧૧ પાર્ટી ગઠબંધનના સભ્યો સાથેની બેઠક પછી સભ્યો દ્વારા એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો કે દેશમાં રાજકીય સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે એક નવા વડાપ્રધાન સાથે તાત્કાલિક એક સર્વદળીય વચગાળાની સરકાર બનાવવી જોઈએ. નોંધનીય છે કે આર્થિક સંકટ અને ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે રાષ્ટ્રપ્રમુભ ગોટબાયા રાજપક્ષેના ઘરની બહાર હિંસક પ્રદર્શન થાય હતા જેના કારણે સોમવાર સુધી શ્રીલંકામાં કર્ફ્યુ લગાવવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ફેસબુક, ટ્વિટર, વોટ્સએપ, યૂટ્યુબ, સ્નેપચેટ, ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ સહિત લગભગ બે ડઝન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પ્રભાવિત થયા છે. ડીઝલ-પેટ્રોલથી લઈને ખાણી-પીમીની વસ્તુઓનો અભાવ છે, જેના કારણે અરાજકતાની સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ છે. ૨.૨ કરોડની વસ્તી ધરાવતા શ્રીલંકામાં હાલ આર્થિક સ્થિતિ એટલી બધી ખરાબ થઈ ગઈ છે કે દેશના અનેક ભાગોમાં રોજ ૧૩ કલાક સુધીનો વીજળી કાપ જાહેર કરવામાં આવ્યો છે. અખબાર છાપવા માટેનો કાગળ આવતો બંધ થઈ જતાં દેશના ઘણા અખબારોએ પ્રકાશન પણ અટકાવી દીધું છે.

દોરી જશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂત્રોએ જણાવ્યું હતું કેબે સચિવોએ એક રાજ્યમાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં જાહેર કરાયેલી લોકોને આકર્ષવા માટેની ફ્રી યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે એક રાજ્ય જે નબળી આર્થિક સ્થિતિમાં છે ત્યાં રાજકીય સત્તા આંચકવા માટે અન્ય રાજ્યોની સમકક્ષ યોજનાઓની જાહેરાતો થાય છે જે હવે તે રાજ્યોના આર્થિક બોજમાં વધારો કરશે. આ સિવાય અન્ય રાજ્યોમાં પણ હવે આ ફ્રી સ્કીમો ફેલાશે તો દેશ આર્થિક રીતે કથળતો જશે. ચેતવું જોઈએ કે આપણે પણ શ્રીલંકા જેવા જ માર્ગ પર તો નથી જઈ રહ્યાં ને. શ્રીલંકા હાલમાં ઈતિહાસના સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. લંકા નગરીમાં ઈંધણ, રાંધણગેસ અને આવશ્યક ચીજવસ્તુઓની અછતને કારણે લોકોને લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે. આર્મીની નજરમાં દરેક વસ્તુનું સંચાલન જરૂરી બન્યું છે અને સમગ્ર દેશમાં અંધારપટ છવાઈ ગયો છે.